# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેબિનેટે મંજૂર કરેલી બે નવી રેલવે પરિયોજનાથી જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થશે
2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને કેન્દ્રની તમામ યોજનાઓનો યોગ્ય રીતે અમલ થાય તે સુનિશ્ચિત કરવા ખાતરી આપી
3) પહેલી જુલાઇથી તત્કાલ ટિકિટ બુક કરાવવા વપરાશકાર માટે આધાર આધારિત પ્રમાણિકરણ ફરજિયાત
4) નાણાં મંત્રાલયે યુપીઆઈ વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વસૂલવામાં આવશે તેવા સમાચારોને સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા
5) કેન્દ્ર સરકારે કાચા સૂર્યમુખી, સોયાબીન અને પામ તેલ સહિત કાચા ખાદ્ય તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી 20 ટકાથી ઘટાડીને 10 ટકા કરી

*******************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - RAILWAY PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેબિનેટે મંજૂર કરેલી બે નવી રેલવે પરિયોજનાથી જોડાણ અને આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થશે. પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ ગઈ કાલે ભારતીય રેલવે નેટવર્કમાં બે મલ્ટી-ટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી આપી છે, જેમાં 6 હજાર 405 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

આ પરિયોજનામાં કોડરમા-બરકાકાના રેલ લાઇનને ડબલ કરવા ત્રણ હજાર 63 કરોડ રૂપિયાના ખર્ચની મંજૂરી આપવામાં આવી છે, જ્યારે બલ્લારી-ચિકજાજુર રેલ લાઇનને ડબલ કરવા ત્રણ હજાર 342 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM - DELHI BJP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે દિલ્હીમાં ભાજપના સાંસદો, ધારાસભ્યો સાથે વાતચીત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે બેઠક દરમિયાન તેમણે દિલ્હીના લોકોના જીવનની ગુણવત્તા સુધારવાના ઉપાયો પર વ્યાપક ચર્ચા કરી હતી. આ પ્રસંગે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ - DELHI FARMERS

કેન્દ્રીય કૃષિ  મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈ કાલે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાલી રહેલા 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' હેઠળ દિલ્હીના ખેડૂતો સાથે વાતચીત કરી હતી.

બેઠક દરમિયાન મંત્રીશ્રીએ ખેડૂતોને પડતી સબસિડીથી માંડીને પુરવઠા સાંકળ સુધીની સમસ્યાઓની નોંધ લીધી હતી. તેમણે ખેડૂતોને ખાતરી આપી હતી કે તેઓ કેન્દ્રની તમામ યોજનાઓનો યોગ્ય રીતે અમલ થાય તે સુનિશ્ચિત કરશે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, સરકાર ખેતી માટે નવી ટેકનોલોજી વિકસાવવા માટે ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે વધુ બેઠકો યોજશે.

**[BYTE - Shivraj Singh]**

પત્રકારો સાથે વાત કરતા શ્રી ચૌહાણે જણાવ્યું કે, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન પાયાના સ્તરે ખેડૂતોને પડતી સમસ્યાઓ અને પડકારોને સમજવામાં મદદ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, વૈજ્ઞાનિકોની 2 હજારથી વધુ ટીમો કૃષિ-આબોહવાના પડકારોને સમજવા અને ટેકનોલોજીકલ નવીનતાઓ રજૂ કરવા માટે ખેડૂતોની મુલાકાત લઈ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRCTC TATKAL BOOKING

રેલવે મંત્રાલયે જણાવ્યું છે કે 1 જુલાઇથી ફક્ત એવા જ વપરાશકર્તાઓ IRCTC વેબસાઇટ અને એપ દ્વારા ઓનલાઈન તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે જેમણે પોતાનું ખાતું આધાર કાર્ડ સાથે પ્રમાણિત કરાવ્યું હશે. તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક પહોંચ સુનિશ્ચિત કરવા અને મુસાફરોના હિતનું રક્ષણ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા

(VOICE CAST ANAND RAIL TICKET)

..............................................

# FINANCE MINISTRY- UPI

નાણાં મંત્રાલયે કહ્યું છે કે યુપીઆઈ વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વસૂલવામાં આવશે તેવી અટકળો અને દાવાઓ સંપૂર્ણપણે ખોટા, પાયાવિહોણા અને ભ્રામક છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, આવી પાયાવિહોણી અટકળો નાગરિકોમાં બિનજરૂરી અનિશ્ચિતતા, ભય અને શંકાનું કારણ બને છે અને સરકાર યુપીઆઈ દ્વારા ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

MDR એક એવી ફી છે જે બેંકો વેપારીઓ પાસેથી વાસ્તવિક સમયમાં ચૂકવણીની પ્રક્રિયા માટે વસૂલ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CENTRE-EDIBLE OIL

કેન્દ્ર સરકારે કાચા સૂર્યમુખી, સોયાબીન અને પામ તેલ સહિત કાચા ખાદ્ય તેલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી 20 ટકાથી ઘટાડીને 10 ટકા કરી છે. આના પરિણામે કાચા અને શુદ્ધ ખાદ્ય તેલ વચ્ચે આયાત શુલ્કનો તફાવત 8.75 ટકાથી 19.25 ટકા વચ્ચેનો થયો છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાનો ઉદ્દેશ ખાદ્ય તેલની મૂળ કિંમત અને છૂટક કિંમતોમાં ઘટાડો કરવાનો, ગ્રાહકોને રાહત આપવાનો અને એકંદર ફુગાવાને અંકુશમાં રાખવામાં મદદ કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ICC WORLD TEST CHAMPIONSHIP

આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલમાં, દક્ષિણ આફ્રિકાએ લંડનમાં લોર્ડ્સ ખાતે પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયા સામે 4 વિકેટે 43 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના સુકાની ટેમ્બા બાવુમા અને ડેવિડ બેડિંગહામ આજે રમત આગળ ધપાવશે.

પ્રથમ બેટિંગ કરવા માટે ઉતરેલી વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમ 212 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાની તરફથી બ્યુ વેબસ્ટરે સૌથી વધુ 72 રન અને સ્ટિવન સ્મિથે 66 રન કર્યા હતા. દક્ષિણ આફ્રિકા તરફથી કાગિસો રબાડાએ સૌથી વધુ 5 વિકેટ ઝડપી હતી, જ્યારે માર્કો જેનસેને 3 વિકેટ ઝડપી હતી.

આકાશવાણી ડબલ્યુટીસી ફાઇનલ મેચનું હિન્દી અને અંગ્રેજીમાં વારાફરતી પ્રસારણ કરશે. તેને ઈન્દ્રપ્રસ્થ અને અન્ય ચેનલો પર બપોરે 2.55 થી 10 વાગ્યા સુધી અથવા મેચના અંત સુધી સાંભળી શકાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISSF WORLD CUP 2025

બે વખતનાં ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકર જર્મનીના મ્યુનિકમાં યોજાયેલા ISSF વર્લ્ડ કપ 2025માં મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં છઠ્ઠા સ્થાને રહ્યાં હતાં. ભાકરે કુલ 20ના સ્કોર સાથે મેડલ રાઉન્ડ પૂર્ણ કર્યો અને ફાઇનલના બીજા તબક્કામાંથી બહાર થઈ ગયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LOS ANGELES PROTEST

લોસ એન્જલસમાં ગયા સપ્તાહે વિરોધ પ્રદર્શન શરૂ થયું ત્યારથી 380થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. લોસ એન્જલસ કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટર્ની નાથન હોચમેને કહ્યું છે કે વધુ ધરપકડની અપેક્ષા છે કારણ કે ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંકળાયેલા લોકોને ઓળખવા અને તેમની સામે કાર્યવાહી કરવા માટે સોશિયલ મીડિયા પર વીડિયોની સમીક્ષા કરીને તપાસ ચાલી રહી છે.

દરમિયાન, લોસ એન્જલસના મેયર કારેન બાસ અને કેલિફોર્નિયાના 30થી વધુ નાના શહેરોના નેતાઓએ ફેડરલ ઇમિગ્રેશન દરોડાને સમાપ્ત કરવાની હાકલ કરી હતી. ઉલ્લેખનીય છે કે ઇમિગ્રેશન દરોડા સામે શહેરમાં ભારે વિરોધ અને હિંસા થઈ રહી છે, જેને પગલે ટ્રમ્પ સરકારે નેશનલ ગાર્ડ સૈનિકોને તૈનાત કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CANADA DRUG ARREST

કેનેડામાં, પીલ પ્રાદેશિક પોલીસે ઇતિહાસની સૌથી મોટી ડ્રગ જપ્તીમાં સાત ભારતીય-કેનેડિયન સહિત નવ લોકોની ધરપકડ કરી છે. પોલીસે લગભગ 300 કરોડ રૂપિયાનું 479 કિલોગ્રામ કોકેન અને બે અર્ધ-સ્વચાલિત હેન્ડગન્સ જપ્ત કરી હતી.

ઓન્ટારિયોથી 35 આરોપોમાં દાણચોરોની ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં ગેરકાયદેસર ડ્રગ્સની તસ્કરી કરતા આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાઇત નેટવર્કનો ભાગ હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TAIWAN THANKS INDIA FOR RESCUE OP

તાઇવાનએ બુધવારે સિંગાપોર-ધ્વજવંદન કાર્ગો જહાજ, WAN HAI 503 ના 18 ચાલક દળના સભ્યોને બચાવવા બદલ ભારતનો આભાર માન્યો હતો, જે તાજેતરમાં કેરળ કિનારાથી લગભગ 70 નોટિકલ માઇલ દૂર આગમાં ફસાઈ ગયા હતા. ભારતીય નૌકાદળના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, જહાજમાં આંતરિક કન્ટેનર વિસ્ફોટ થયો હતો અને પરિણામે આગ લાગી હતી.

ભારતીય નૌકાદળે ભારતીય તટરક્ષક, ડી. જી. શિપિંગ અને અન્ય હિતધારકો સાથે નજીકથી સંકલિત સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનમાં 22માંથી 18 સભ્યોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા.

..............................................

રીપીટ---POOL, MAYUR SOLANKI, CHIKITSA

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજનાં અખબારોમાં અમેરિકાની ચીન સાથે દુર્લભ ખનીજ ડીલ, આધાર વેરિફાઇડ યુઝર્સને જ રેલવે તત્કાલ ટિકિટ મળશે, લોસ એન્જલસમાં લૂંટફાટ થતાં કરફ્યુ લદાયો, ટેરિફ મુદ્દે ફેડરલ અપીલ કોર્ટની ટ્રમ્પ સરકારને કામચલાઉ રાહત અને રાજા રઘુવંશી હત્યાકેસમાં સોનમ સહિતનાં આરોપીઓ રિમાન્ડ પર જેવાં સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.

સંદેશ હેડલાઇનમાં લખે છે- ટ્રમ્પ વિરુધ્ધ ટિપ્પણી બદલ મસ્કે અફસોસ વ્યક્ત કર્યો- કહ્યું, વિવાદ લાંબો ખેંચાઈ ગયો

દિવ્ય ભાસ્કર વિશેષ અહેવાલમાં જણાવે છે- ટ્રમ્પ રાજમાં ભારતીય ફેકલ્ટીની નિયુક્તિમાં 45 ટકાનો ઘટાડોઃ વિદ્યાર્થીની સંખ્યા એક લાખ ઘટી

ઇન્ડિયન એક્સપ્રેસ પ્રથમ પાને લખે છે, આગામી લોકસભા ચૂંટણીમાં મહિલાઓ માટે 33 ટકા અનામતનાં અમલની મોદી સરકારની યોજના.

રેલવે ટિકિટ સેવામાં બે મોટાં ફેરફારનાં સમાચાર તમામ અખબારોમાં જોવા મળે છે. ગુજરાત સમાચારનું શિર્ષક છે- હવે રેલવે ટિકિટનું કન્ફર્મેશન ટ્રેન ઉપડવાનાં એક દિવસ અગાઉ થઈ જશે.

પાકિસ્તાન પર બલુચ આર્મીનો હૂમલોઃ 23 સૈનિક ઠાર.. આ સમાચાર ગુજરાત સમાચારમાં પ્રથમ પાને છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .